# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-06-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

-----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# Environment Day Beach Cleanliness Drive

ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન – GEMI (ગેમી) દ્વારા તારીખ 22 મે થી તારીખ 5 જૂન ૨૦૨૫ દરમિયાન રાજ્યવ્યાપી જાગૃતિ અભિયાન યોજાયું હતું. આ ઝૂંબેશ હેઠળ રાજ્યનાં 12 દરિયાકિનારાની સફાઈ ઝૂંબેશમાં એક હજાર 640 સ્વયંસેવકો અને પર્યાવરણપ્રેમીઓએ સાથે મળીને 18 હજાર 350 કિલોગ્રામ કચરો એકત્ર કર્યો હતો. આ દરિયાકિનારાઓમાં દ્વારકા, શિવરાજપુર, ઉમરગાંવ, દાંડી, ડુમસ, મહુવા, પોરબંદર અને રવાલપીરનો સમાવેશ થાય છે.

આ અભિયાનમાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ GPCB, વન વિભાગ, સ્થાનિક નગરપાલિકાઓ, પંચાયતો, NGOs અને ઉદ્યોગોએ ભાગ લીધો હતો.

આ ઉપરાંત, ગાંધીનગર અને અમદાવાદની ૧૦ સોસાયટીઓમાં પ્લાસ્ટિક કચરો એકત્રીકરણ અભિયાન યોજાયું હતું, જેમાં ૪૫૦ થી વધુ રહેવાસીઓએ ૨૫૦ કિલોથી વધુ રિસાયકલ કરી શકાય તેવું પ્લાસ્ટિક એકત્ર કર્યું હતું.

. . . . . . . . . . .

# Dang No Plastic USE

ડાંગ જિલ્લાના સાપુતારા ગિરિમથક ખાતે વિશાળ સંખ્યામાં મુલાકાતીઓ આવતા હોવાથી પર્યાવરણની જાળવણી કરવાના હેતુથી શહેરમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકનાં ઉપયોગ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, લોકો મોટી સંખ્યામાં સાપુતારાની મુલાકાતે આવે છે, જેને કારણે પ્લાસ્ટિકનાં ઉત્પાદનવાળી ચીજવસ્તુઓનાં કચરાથી આસપાસના વન્યપ્રાણીઓ અને પર્યાવરણને હાનિ પહોંચે છે.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વી કે.જોષી દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે આ પ્રતિબંધ ફરમાવ્યો છે.

. . . . . . . . . . .

# DWARKA COVID

રાજ્યભરમાં કોરોનાનાં કેસોમાં વધારો થઈ રહ્યો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના સલાયા વિસ્તારમાંથી બે પોઝિટિવ કેસ નોંધાયા છે. આરોગ્ય વિભાગે બંને દર્દીઓની તપાસ કરીને હોમ આઇસોલેશનમાં રાખ્યા છે.

જિલ્લામાં કોરોનાનાં કેસો નોંધાતા આરોગ્ય વિભાગે તકેદારીનાં ભાગ રૂપે જિલ્લા સ્તરની સિવિલ હોસ્પિટલમાં ઇમરજન્સી વોર્ડ ઊભો કર્યો છે.

આ અંગે સિવિલ હોસ્પિટલના રેસિડેન્ટ મેડિકલ ઓફિસર ડોક્ટર કેતન ભારથીએ વધુ માહિતી આપીઃ

**(BYTE DR. KETAN BHARTHI, RMO, CIVIL HOSPITAL)**

. . . . . . . . . . .

# DAMAN DEMOLITION

દમણ વહીવટીતંત્ર દ્વારા ગેરકાયદેસર બાંધકામો સામે કડક કાર્યવાહી ચાલુ રાખતા કચ્ચીગાંવ સ્થિત અનેક ગેરકાયદેસર ચાલીઓ, ફેક્ટરીઓ, શેડ અને કચેરીઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

આ કાર્યવાહીમાં ૧૦૦થી વધુ નાની ઓરડીઓ, 70થી વધુ ચાલીઓ, ફેક્ટરીઓ, શેડ અને ઓફિસોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, એક ઔદ્યોગિક એકમના ગેરકાયદેસર માળ અને ૧૧ દુકાનો પણ તોડવામાં આવી હતી.

. . . . . . . . . . .

# Jamnagar- Civil Defence

જામનગરના લોકો માટે તારીખ ૯ થી ૧૩ જુન સુધી નાગરિક સંરક્ષણ તાલીમનું નિઃશુલ્ક આયોજન કરાયું છે.

આ તાલીમમાં ભાગ લેવા ઈચ્છુક લોકોએ તા.૮ જુન સુધીમાં સવારે ૧૧:00 થી સાંજે ૬:00 વાગ્યા સુધીના સમય દરમિયાન લાલ બંગલા સ્થિત નાગરિક સંરક્ષણ કાર્યાલય ખાતે રૂબરૂ સંપર્ક કરી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

વધુ માહિતી માટે ૦૨૮૮ ૨૫૪03૭૧, નાગરિક સંરક્ષણ કાર્યાલય, લાલ બંગલો, જામનગરનો સંપર્ક કરવાનો રહેશે.

. . . . . . . . . . .

# JAMNAGAR-LCB KACHERI

જામનગરમાં લાલ બંગલા સ્થિત એલસીબીની નવી કચેરીને પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ પ્રેમસુખ ડેલુના હસ્તે ખુલ્લી મુકાઈ.

કચેરી સાતથી વધુ કોમ્પ્યુટર સેટ અને ડિજિટલ સોફ્ટવેર સહિતની સુવિધાઓથી સજ્જ છે. શહેર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા પર નિયંત્રણ રાખવા માટે અને તમામ પ્રકારના ગુનાઓનો ત્વરિત ઉકેલ લાવવા માટે એલસીબીના પીઆઇ પીએસઆઇ તથા ૨૨ થી વધુનો સ્ટાફ પણ ઉપલબ્ધ છે.

. . . . . . . . . . .

## Surendra Nagar fariyad samiti meeting

ગ્રામ પંચાયત ચૂંટણી, ૨૦૨૫ની આદર્શ આચાર સંહિતા ધ્યાનમાં લઈને 21મી જૂને યોજાનાર સુરેન્દ્રનગર જિલ્લા કક્ષાની ફરિયાદ સહ સંકલન સમિતિની જૂન માસની બેઠક રદ કરવામાં આવી છે, એમ નિવાસી અધિક કલેકટરની યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . .

## FITNESS RUN

**ગાંધીનગરમાં 'મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાન અંતર્ગત રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ તથા ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ગઇકાલે ફિટનેસ રનનું આયોજન કરવામાં આવ્યું હતું.**

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોમાં શારીરિક સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ લાવવાનો અને તેમને તંદુરસ્ત જીવનશૈલી અપનાવવા માટે પ્રોત્સાહિત કરવાનો હતો.

આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય, સહિત અનેક મહાનુભાવો અધિકારીઓ, કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં ગાંધીનગરના નાગરિકો ઉત્સાહભેર જોડાયા હતા. આજના ઝડપી અને બેઠાડુ જીવનશૈલીમાં મેદસ્વિતા એક ગંભીર પડકાર બની રહી છે ત્યારે આ 'ફિટનેસ રન'નો હેતુ લોકોને સ્વાસ્થ્યએ માત્ર રોગોની ગેરહાજરી નથી, પરંતુ સંપૂર્ણ શારીરિક અને માનસિક સુખાકારી છે તે સમજાવવાનો હતો.

........................................